**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરની પાંચ હોટેલ્સમાં ફુડ વિભાગના દરોડા

**ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ગાંધીનગર સહિત આઠ મહાનગરપાલિકાની હોટલમાં સપાટો બોલાવ્યો : ગાંધીનગરની દાદીશા, પૂર્ણિમા, ભાગ્યોદય, ગ્રીન એપલ અને કુમ-કુમ હોટલમાંથી ખાદ્ય પદાર્થના નમૂના લીધા**

ગાંધીનગર, તા.૨૯

રાજય ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે આજે ગાંધીનગર મહાનગરપાલિકા સહિત ૮ મહાનગરપાલિકા વિસ્તારની હોટલ-રેસ્ટોરન્ટમાં દરોડા પાડી ભારે સપાટો બોલાવ્યો હતો. હોટેલ્સમાં તૈયાર પીરસાતા ભોજનના નમૂના લેવાનો ફૂડ વિભાગે ધમધમાટ શરુ કર્યો હતો. મોડી રાત સુધી આ કામગીરી ચાલુ હતી. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે શહેરની પણ પાંચ જેટલી હોટલોમાં દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજય ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનર ડૉ. એચ.જી. કોસીયાની સૂચનાથી ફુડ ટીમે થોડા સમય અગાઉ રાજયના મહાનગરોમાં આવેલી મોટી હોટેલ્સ સામે કાર્યવાહી કરી હતી. સ્ટાર કેટેગરી બાદ આજે ફુડ વિભાગે બીજા તબક્કાની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ગાંધીનગર સહિત આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં કાર્યરત હોટલ-રેસ્ટોરન્ટમાં દરોડા પાડયા હતા. ફુડ ટીમે સપાટો બોલાવતા હોટલના વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ફુડ વિભાગે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની દાદીશા, પૂર્ણિમા, ભાગ્યોદય, કુમકુમ અને ગ્રીન એપલ હોટલમાં પીરસાતા ભોજનના નમૂના લીધા હતા. આ દરોડાથી અન્ય હોટલોના માલિકોમાં પણ રીતસરનો ફફડાટ જોવા મળ્યો હતો. અને મોડી રાત સુધી ફુડ વિભાગે આ નમૂના લેવાની કામગીરી ચાલુ રાખી હતી. આગળના સમયમાં ફુડ વિભાગ શહેરની અન્ય હોટલમાં તવાઈ બોલાવે તો નવાઈ નહીં.




રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્રના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા 'જળ સંરક્ષણ રેલી' યોજવામાં આવી હતી. જેમાં સ્વયંસેવકોએ સોસાયટીઓ તથા ગ્રામ્ય વિસ્તારમાં રહીશોના ઘરે ઘરે જઈને પાણીનો બગાડ અટકાવવા અનુરોધ કર્યો હતો. આ સાથે સ્વયંસેવકોએ પોતાના હાથે બનાવેલા 'જળ બચાવો' સંદેશા સાથેના સચિત્ર સ્લોગનો પણ લગાડયા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વિદ્યાપીઠ પરિસરના ભૂગર્ભ જળ સંગ્રહના ટાંકાની પણ સફાઈ કરી હતી.




બેંક ઓફ બરોડા દ્વારા ગાંધીનગરની લાયોનેસ કલબ માટે ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ટ્રેનર ગૌતમભાઈ દ્વારા મહિલાઓને સેવિંગ્સ એકાઉન્ટ, ફિકસ ડિપોઝીટ, યુ.પી.આઈ. એનપીસીઆઈ, ઈ-બેંકિંગ વગેરે વિષયો અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ અનિલ શ્રીવાસ્તવ, મનિષાબેન ત્રિપાઠી, પ્રમુખ મિનાક્ષીબેન જય સિંઘાણી અને સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સીટી બસમાં પણ હવે મહિલા કડંકટરો

**મહિલા સશકિતકરણને પ્રાધાન્ય આપતા સંચાલકો : મુસાફરોએ પણ સંચાલકોના આ નિર્ણયને આવકાર્યો**

ગાંધીનગર, તા.૨૯

ભારતના બંધારણમાં સમાનતાનો સિધ્ધાંત સ્વીકારાયો છે જે મુજબ કેન્દ્ર અને રાજય સરકારોએ મહિલાઓને દરેક ક્ષેત્રમાં તક મળે તેવા પ્રયાસો કર્યા છે અને મહિલા સશકિતકરણ અપનાવીને મહિલાઓ પુરુષ સમોવડી બની સમાજમાં માનભેર જીવી શકે તેવા કાયદા પણ અમલી કર્યા છે. જેના પરિણામ સ્વરૂપે નોકરીઓમાં મહિલાઓને હવે વધુ તક મળતી થઈ છે જેમાં એસ.ટી. વિભાગે મહિલા કડંકટરની ભરતી કરીને વાહન વ્યવહાર ક્ષેત્રમાં પણ મહિલાઓનું યોગદાન લીધું છે અને ગાંધીનગર શહેરમાંથી સીટીબસે પણ મહિલા કડંકટરોને ફરજ ઉપર લઈ તેમના જુસ્સાને વધારી મહિલા સશકિતકરણને ઉત્તેજન આપતા આ પગલાંની સહર્ષ નોંધ લેવાઈ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે યુનાઈટેડ નેશન્સે વૈશ્વિક ઘોષણાપત્રમાં મહિલાઓ સાથે કોઈ પણ પ્રકારના ભેદભાવ ન રાખી જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે તેવા અધિકાર હોવા જોઈએ તેવું ઠરાવ્યું છે. તે મુજબ ભારતના બંધારણના અનુચ્છેદ-૧૯ એ મહિલાઓના સ્વાતંત્ર્યનો અધિકાર છે. ભારતની સરકાર દ્વારા મહિલાઓના હક અને સ્વાતંત્ર્ય માટે કાયદામાં ફેરફાર કરી વધુ મજબૂત બનાવ્યા છે અને દરેક ક્ષેત્રમાં મહિલાને પ્રાધાન્ય આપવા જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ એસ.ટી. નિગમમાં કડંકટરની ભરતીમાં મહિલાઓને સામેલ કરી રાજયમાં ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું તે પગલે ગાંધીનગરની યોગી કંપનીની સીટી બસે પણ મહિલાઓને કડંકટર તરીકે ફરજ સોંપીને મહિલા ઉદારીકરણને વધુ પ્રબળ બનાવ્યું છે.

આ અંગે સંચાલક વિરેન્દ્રસિંહ રાણાએ જણાવવ્યું હતું કે મહિલાઓ હવે પહેલા કરતા ખુબ જ સાહસિક બની છે. અભ્યાસ સહિત દરેક ક્ષેત્રમાં તેમની પ્રગતિ નોંધનીય બની છે ત્યારે અમારી કંપનીએ પણ મહિલાઓને સ્થાન આપી તેમની શ્રેષ્ઠ કારકિર્દીમાં વધારો થાય તેવો પ્રયાસ કર્યો છે. જો કે સીટી બસના મુસાફરોએ પણ મહિલા કડંકટરોની ભરતીને આવકારી છે તેમજ મહિલાઓ શિસ્તપ્રિય હોવાથી મુસાફરો માટે તે વધુ જરુરી છે જે કારણે મુસાફરી માટે લોકો વધુ સીટી બસનો ઉપયોગ કરશે તે હકીકત બની છે.

# મેદરાના યુવાને લીંબડીયા નર્મદા કેનાલમાં ઝંપલાવ્યુ

**ન્યુ રાણીપના યુવાને કલોલ પાસે રામપુર કેનાલમાં કર્યો આપઘાત**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં મેદરાના એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. મેદરાના યુવાને કોઈ કારણોસર કેનાલમાં પડતું મુકી આપઘાત કરી લીધો હતો તો બીજી તરફ કલોલ પાસેના રામપુર કેનાલમાંથી આજે ન્યુ રાણીપના એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે બંને પ્રકરણમાં આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મેદરા ગામમાં રહેતો ૨૮ વર્ષીય યુવાન કમલેશ વિનોદભાઈ વાઘેલા ગઈ કાલે બાઈક લઈને ઘરેથી નીકળી ગયો હતો. મોડી સાંજ પછી પણ કમલેશ ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ આરંભી હતી. દરમિયાન તપાસ કરતા લીંબડીયા કેનાલ પાસેથી તેનું બાઈક મળી આવતા કેનાલમાં શોધખોળ શરુ કરતા આજે તેનો મૃતદેહ મળી આવ્યો હતો.



મૃતદેહ બહાર કઢાવી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. નરોડાની ખાનગી કંપનીમાં નોકરી કરતા આ યુવાને કયા કારણોસર આપઘાત કરી લીધો તેની તપાસ માટે પોલીસે પરિવારજનો અને મિત્રોના નિવેદનો લેવાનું શરુ કર્યુ છે. જિલ્લામાં બીજો એક આપઘાતનો કિસ્સો પણ ધ્યાને આવ્યો છે. ન્યુ રાણીપ ખાતે રાધે રેસીડેન્સી વિસ્તારમાં રહેતા ૩૭ વર્ષીય ગીરીષભાઈ વિષ્ણુભાઈ પટેલનો મૃતદેહ આજે કલોલ પાસેના રામપુરા કેનાલમાંથી મળી આવ્યો હતો. કલોલ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ જાણવા તપાસ તેજ કરી છે.

# પાણી પુરવઠા બોર્ડ કર્મચારી-અધિકારી મંડળના હોદ્દેદારોની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી-અધિકારી મંડળની સામાન્ય ચૂંટણીઓ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ૨૦ જેટલા હોદ્દેદારો બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા.

સામાન્ય ચૂંટણીમાં પ્રમુખ પદે પ્રવિણકુમાર સુતરીયા, મહામંત્રી પદે કેતન ચૌધરી, ઉપપ્રમુખ પદે દિલીપસિંહ જેઠવા અને વિષ્ણુપ્રાસ મેવાડા, સહમંત્રી પદે રમેશ રાવ અને મહાદેવભાઈ આહીર, સંગઠન મંત્રી પદે હસમુખભાઈ પઢીયાર અને પંકજ જોષી, ખજાનચી પદે મહેન્દ્રસિંહ ચૌહાણ અને કારોબારી સભ્ય પદે રાજેન્દ્રકુમાર રાજયગુરુ, કમલેશ વૈદ્ય, આનંદ પવાર, ચેતનકુમાર ગઢવી, રમેશભાઈ સાદીઆ, રણજીતસિંહ રાણા, મહેશભાઈ બાંઘણિયા, રૂપસિંહ ચૌહાણ, જસવંતભાઈ વણકર, હિતેશ પટેલ અને અરવિંદભાઈ પરમારની સર્વાનુમતે વરણી કરાઈ હતી. હોદ્દેદારોની બિનહરીફ વરણી થતા મંડળના તમામ સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી.

# દાહોદના પહાડી વિસ્તારમાંથી બળાત્કારના ગુનાનો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા પોલીસ સ્ટેશનના બળાત્કારના ગુનામાં એક આરોપી નાસતો ફરતો હતો. જે દાહોદ વિસ્તારમાં છે તેવી બાતમી મળતા ચિલોડા પોલીસની ટીમે દાહોદની લોકલ પોલીસની મદદ લઈ દાહોદના પહાડી વિસ્તારમાંથી આ આરોપીને દબોચી લીધો હતો. આ આરોપીની ધરપકડ કરી લઈ આરોપીને સાબરમતી જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે.



ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમને બાતમી મળી હતી કે તેમના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બળાત્કારના ગુનાનો આરોપી સંજય સુરસિંહ ડામોર દાહોદમાં સંતાયેલો છે. આ બાતમી આધારે ચિલોડા પોલીસની ટીમ દાહોદ જિલ્લાના સુખપર પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને સ્થાનીક પોલીસની મદદ લઈ તે ટીમને સાથે રાખી પહાડી વિસ્તારમાં જે મકાનમાં આરોપી સંતાયો હતો ત્યાંથી તેને દબોચી લીધો હતો. આરોપી સંજય ડામોરની ધરપકડ કરી તપાસનીશ અધિકારી આર.જી. ભાવસારને આરોપી સોંપવામાં આવ્યો હતો. જેને આધારે સેન્ટ્રલ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# બીબીએના વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને સાઈન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કલાયમેટ ચેન્જ તેમજ બાયો ડાયવર્સિટી જેવા અત્યંત ઉપયોગી વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વમાં પર્યાવરણની ગંભીર સમસ્યા સર્જાઈ છે ત્યારે આજના યુવાનો પણ પર્યાવરણની સમસ્યા બાબતે જાગૃત થાય તેમજ સૃષ્ટિને બચાવવા વિવિધ સૂચનો જે રોજબરોજના જીવનમાં ઉપયોગ કરવાથી પર્યાવરણને બચાવવામાં મદદ મળી શકે તેમ છે. જેમાં પાણીનો



વિવેકપૂર્ણ ઉપયોગ તેમજ વિવિધ ઈલેકટ્રોનિક સાધનોનો જરૂર પુરતો ઉપયોગ, સ્પ્લીટ એસીનો પણ વિવેકપૂર્ણ ઉપયોગ, જાહેર વાહન વ્યવહારનો મહત્તમ ઉપયોગ,પેટ્રોલ સહીતના પ્રદુષણ ફેલાવતા ફ્યુઅલનો બિનજરૂરી ઉપયોગ અટકાવવા જેવી અનેક બાબતો પર ખુબ સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું. તમામ બાબતો મેનેજમેન્ટ ક્ષેત્રે કઈ રીતે ઉપયોગી થાય તે બાબત વિદ્યાર્થીઓને સમજાવવા માં આવી હતી. વિદ્યાર્થીઓને સાયન્સ સીટીમાં વિવિધ પ્રદર્શન તેમજ ઓડિયો વિડીયો આધારિત અનેક પ્રોજેક્ટ્સ, મોડ્યુલ તેમજ ચાર્ટ નિહાળ્યા હતા. તેમજ હોલ ઓફ સાયન્સ હોલ ઓફ માર્સની પણ મુલાકાત લીધી હતી.

સમગ્ર મુલાકાત બાબતે ગુજકોસ્ટનાં ઍડવાઈઝર તેમજ સાઈન્સ સિટીનાં સિનિયર સાઈંટિસ્ટ ડૉ નરોત્તમ સાહુ સાહેબનો સહકાર સાંપડયો હતો.

# 'ગાંધીનગર ડાન્સ કોમ્પિટીશન' ઉલ્લાસભેર યોજાઈ



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરની જાણીતી ઈવેન્ટ કંપની 'દવે ઈવેન્ટસ એન્ડ એન્ટરટેઈનમેન્ટ' દ્વારા 'ગાંધીનગર ડાન્સ કોમ્પિટીશન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવાર તારીખ ૨૭ એપ્રિલના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે એક ડાન્સ કોમ્પીટીશન અને ફેશન શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાન્સ કૉમ્પીટીશનમાં સોલો ગ્રુપ એમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે અનુક્રમે નીષ્ઠા ખીલાની, મહર્ષી સોલંકી, ખુશી વૈપન્ના વિજેતા થયા હતા જયારે સોલો ડાન્સ ગ્રુપ બીમાં એલીયાની ઓમ, ઝરણાં ભાવસાર, ઈશ્વર ભરવાડ વિજેતા થયા હતા. ગ્રુપ ડાન્સમાં પ્રથમ ક્રમે એમઆરડીસી સીનીયર્સ અને બીજા ક્રમે ફાયર્સન ઓન ફીટ વિજેતા થયા હતા. જયારે ડયુએટ ડાન્સમાં પ્રથમ ક્રમે અભિજીત ચારણીયા તથા વૈદહી મુંધવા જયારે દ્વિતીય ક્રમે ઓમ અને યુગ વિજેતા થયા હતા. ફેશન શૉમાં સાક્ષી પટેલ અને જયના કપૂર વિજેતા થયા હતા.

આ પ્રસંગે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, ગુજરાતી ફિલ્મના અભિનેતા ગાયક અરવિંદ વેગડા, અભિનેત્રી મમતા સોની મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. ડાન્સ કોમ્પિટીશન અને ફેશન શૉના નિર્ણાયક તરીકે ખુશી શાહ, સેન્ડી કાપડીયાએ સેવાઓ આપી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ જય દવે દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં જીતુ ચૌહાણ, સેન્ડી કાપડીયા, નિહાર વ્યાસે ભારે જહેમત ઉઠાવી હતી. જયારે મંચ સંચાલન સના ફેંક દ્વારા કરવામાં આવ્યું હતું.

# સિવિલમાં બીજીવાર નિવૃત થાય તેવા કર્મચારીઓ નોકરી કરે છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ૫૮ વર્ષની વય નિવૃત થયા બાદ પણ કેટલાક કર્મચારીઓ ૧૧ માસના કરાર આધારીત ફરજ બજાવી રહ્યા છે ત્યારે રાજય સરકારના જીઆર મુજબ ૬૨ વર્ષથી વધુ વયના નાગરીકોને ફરજ પર રાખી શકાય નહીં તેમ છતા સિવિલમાં કેટલાક કર્મચારીઓ તંત્રની મહેરબાનીથી નોકરી કરી રહ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓની આરોગ્યલક્ષી સુવિધા સહિત આધુનિક મશીનરી સાથે જરુરીયાત મુજબ સ્ટાફની પણ ભરતી કરવામાં આવી છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીના દર્દીઓ આવતા હોવાથી વહીવટી પ્રક્રિયા પણ ઝડપી અને સરળ બને તે માટે અનુભવી સ્ટાફની આવશ્ક છે. ત્યારે વર્ષોથી એક સ્થાને ફરજ બજાવેલા કર્મચારી વયનિવૃત થતા તેમને ૧૧ માસના કરાર આધારીત ભરતી કરવામાં આવે છે. પરંતુ તે પણ માત્ર ૪ વર્ષ માટે જ. પ્રાપ્ત માહિતી મુજબ રાજય સરકારના જીઆર મુજબ ૬૨ વર્ષથી વધુના કર્મચારીઓને નોકરી પર રાખી શકાય નહી તેમ છતા ગાંધીનગર સિવિલમાં કેટલાક કર્મચારીઓ ૬૨ વર્ષ પૂર્ણ કરી ગયા હોય તેવા પણ નોકરી રહ્યા છે તેવું સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે સિવિલમાં બીજીવાર નિવૃત થાય તેવા કર્મચારીઓને સ્થાને નવયુવાનોને સ્થાન આપવામાં આવે તો બેરોજગારી પણ દુર થાય અને કામ ઝડપી અને સરળ બની શકે છે.

## @ગાંધીનગર

● ગુજરાત વ્યાયામ અને કલા સંઘના ઉમેદવારો દ્વારા સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાશે.

## વાતવાતમાં

● સેકટર-૨૧ પોલીસ સ્ટેશન દ્વારા બે દિવસથી ટ્રાફિક ડ્રાઈવની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ૪૫ ડિગ્રીમાં પણ પોલીસ કર્મીઓએ કામગીરી નિભાવી હતી. આ કામગીરી દરમિયાન પીએસઆઈ મહેરિયા સહિત એક કોન્સ્ટેબલને પણ ગરમીમાં લૂ લાગી જતા હોસ્પિટલમાં દાખલ કરવા પડયા જેને પગલે મંગળવારે ટ્રાફિક ડ્રાઈવની કામગીરી મોકુફ રાખવી પડી હતી.

● શહેરમાં ઉનાળાની સીઝનમાં કેસર કેરીના રસિયાઓ દ્વારા હવે વરસાદ આવે તે પહેલા શકય હોય તેટલી વધુ કેરી આરોગી લેવા કમર કસવામાં આવી છે. અનેક કેરીના રસિયાઓ ગૃપમાં સાથે મળીને સૌરાષ્ટ્રમાં ઉના, તલાલા કે વંથલી જઈને હોલસેલમાં કેસર કેરી ખરીદવાનો કાર્યક્રમ કરતા જોવા મળી રહ્યા છે.

● એસએસસીના રીઝલ્ટ આવ્યાના એક દિવસ પછી મંગળવારે વાલીઓ અને વિદ્યાર્થીઓ વિદ્યાર્થી માટે કઈ ફેકલ્ટી પસંદ કરવી તેની મથામણમાં જોવા મળ્યા હતા. આ કારણે ઘણી સ્કુલ હજુ એડમીશનથી વંચિત રહી જવા પામી છે અને સ્કુલ ઉપરાંત ટયુશન કલાસીસમાં પણ કાઉન્સીલર્સની બોલબાલા મંગળવારે ખૂબ વધી ગઈ હતી.

# ગુરુવારે સિસિકાની વાર્ષિક સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા સિનિયર સિટીઝન્સ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા તથા એપ્રિલ માસની માસિક સભાનું તા. ૩૧મી મે ગુરુવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સેકટર-૭-બીમાં લેઉઆ પટેલ સમાજવાડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં ઉપસ્થિત રહેવા માટે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના તમામ સભ્યોને જાહેર અનુરોધ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ ગામના વતની અને ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આવેલી વૃંદાવન રેસીડન્સીમાં ઈ-૩૦૪માં રહેતા ૬૨ વર્ષીય દેવજીભાઈ શીવજીભાઈ પટેલનું તા. ૨૮ મે સોમવારના રોજ દુખદ અવસાન થયું છે. સદગતના કુટુંબીજન મયુરકુમાર પટેલની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. મેઘા પટેલે પુરી પાડી હતી. જયારે જુ.સી.કા.ના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ તથા ગણપત મકવાણાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા માટે સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સીવીલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલિપભાઈ દંતાણીએ કરેલ હતું.

## ચિરવિદાય

- સ્વ. ચંદ્રાબેન લાલજીભાઈ મકવાણા, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર જવાનજી બેચરજી, ઉ.વ. ૮૫
- સ્વ. સજનબેન રણજીતસિંહ બિહોલા, ઉ.વ. ૭૦